# કામધેનુ યુનિવર્સિટી

અમારૂ ધ્યેય:સર્વ જીવોનુ કલ્યાણ

(ગુજરાત સરકાર દ્વારા સને ૨૦૦૯ના ગુજરાત અધિનિયમ ૯ હેઠળ પ્રસ્થાપિત)

## પ્રવેશ જાહેરાત

## ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ પછીના સ્નાતક કક્ષાના અભ્યાસક્રમમાં પ્રવેશ કાર્યક્રમ : શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮

કામધેનુ યુનિવર્સિટીમાં ધોરણ-૧૨ (વિજ્ઞાન પ્રવાહ) સાથે ઉતીર્ણ થયેલ વિદ્યાર્થીઓ માટે ડેરી સંલગ્ન સ્નાતક કક્ષાના અભ્યાસક્રમ બી.ટેક.(ડેરી ટેકનોલોજી)માં પ્રવેશ પાત્રતા ધરાવતા ઈચ્છુક ઉમેદવારો માટે વર્ષ ૨૦૧૭-૧૮ દરમ્યાન પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવવા માટે ઓનલાઈન પ્રવેશ અરજી પત્રક ભરવા માટે વેબસાઈટ www.ku-guj.org પરથી બેંક ચલણ પ્રિન્ટ કરી અને તા.૦૫/૦૬/૨૦૧૭ થી તા. ૨૦/૦૬/૨૦૧૭ થી HDFC બેંકની કોઈપણ શાખામાં કામકાજના સમય દરમ્યાન(જાહેર રજાના દિવસ સિવાય) અરજી ફી પેટે રૂા.૫૦૦/- ભર્યા બાદ (ચલણ ભર્યાના ૪૮ કલાક બાદ)ઓનલાઈન ફોર્મ ભરી શકાશે. આ ઉપરાંત અરજી ફી ઓનલાઈન (ડેબીટ કાર્ડ/ક્રેડીટ કાર્ડ/નેટ બેંકીંગ) ધ્વારા પણ ભરી શકાશે. તેમજ પ્રવેશ પ્રક્રિયા માટે રૂબરૂ કાઉન્સેલીંગ ધ્વારા હાથ ધરવામાં આવશે જે અંગેની તારીખોની જાહેરાત અલગથી કરવામાં આવશે.

પ્રવેશ અંગેની તારીખોની માહિતી યુનિવર્સિટીની વેબસાઈટ www.ku-guj.org પરથી મેળવી શકાશે. સદર કાર્યક્રમની તારીખોમાં ફેરફારને અવકાશ હોય જે અંગેની અદ્યતન માહિતી ઉપરોક્ત વેબસાઈટ પરથી મેળવી લેવાની રહેશે.જેની નોંધ લેશો.

અગત્યની સુચનાઓ :

૧) સદર અભ્યાસક્રમમાં પ્રવેશ માટે ચાલુ વર્ષે GUJCET આપેલ હોવી જરૂરી છે.

૨) સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોની માહિતી પુસ્તિકા ફોર્મ ફી ભર્યેના આધાર રજૂ કર્યેથી કોલેજ/હેલ્પ સેન્ટર ખાતેથી વિના મૂલ્યે આપવામાં આવશે અને ફોર્મ ફી ભર્યા સિવાય માહિતી પુસ્તિકાની કિંમત રૂા.૨૦/- ભર્યેથી મેળવી શકાશે.

કુલસચિવ

તા.૦૨/૦૬/૨૦૧૭ — કામધેનુ યુનિવર્સિટી,ગાંધીનગર